




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૧ | ૩૦ જુલાઈ, ૨૦૧૮, સોમવાર; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### સલામ, સોમભાઈની શિક્ષણ સેવાને...

આપ જ્યારે ઘ-૬થી કોલવડાના માર્ગે પસાર થતા હોય ત્યારે આરાધના સ્કૂલ નજીક ફૂટપાથ પર સાંજે સ્ટ્રીટલાઈટના અજવાળે આસપાસની ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવતુ નજરે પડે તો ત્યાં ઉભા રહી એ વડીલને મનોમન પ્રણામ જરૂર કરજો.

... એ બીજુ કોઈ નહિ પણ કડી સંકુલના કેમ્પસ ડાયરેક્ટર અને ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક ડૉ. સોમભાઈ પટેલ આજે ૮૦ વર્ષની વયે છેલ્લા આઠ વર્ષથી નિયમિત રીતે આસપાસની ઝૂંપટપટ્ટીના ૩૦-૩૫ બાળકોને શિક્ષણ આપે છે.

પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થામાં જેમના હાથ નીચે હજારો બાળકોએ શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે એવા ડૉ. સોમભાઈને સંવેદના જાગી કે આ પીડિતો અને વંચિતોના બાળકો કે મારી આસપાસ જ છે. જેમને રોજ થોડોક સમય ભણાવુ અને જીવનના કર્તવ્યને પ્રામાણિક રીતે નિભાવવુ જોઈએ. આ નાનકડો વિચાર કેટલો મોટો સેવાયજ્ઞ બની રહ્યો છે. સ્ટ્રીટલાઈટના અજવાળે ભણતા બાળકોને જોઈને ક્યારેક કેટલાક રાહદારીઓ પાઠ્યપુસ્તકો, નોટબુક જેવી સાધન સુવિધા આપે પણ છે. ક્યારેય કોઈની પાસે દાન, ભેટ, સહાયની અપેક્ષા વ્યક્ત કર્યા સિવાય મારાથી થઈ શકે તેટલુ સમાજને ઉપયોગી થવાની વૃત્તિને પ્રવૃત્તિમાં પરિવર્તિત કરનાર ડૉ. સોમભાઈ પટેલની શિક્ષણસેવાને સલામ છે.

આમ તો ગાંધીનગર વિદ્યાધામ છે. સામાન્ય નગર મહાનગરમાં કોલેજો નહી હોય એટલી તો ગાંધીનગરમાં યુનિવર્સિટીઓ છે. રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાનો પણ ગાંધીનગરમાં છે. દસ હજારથી પણ વધારે અધ્યાપન ક્ષેત્રે કાર્યરત શિક્ષકો, અધ્યાપકો, આચાર્યો ગાંધીનગરમાં વસે છે. ડીસા-પાલનપુરથી લઈ ધોળકા-ધંધુકા અને મોડાસા-મેઘરજની કોલેજોના અધ્યાપકો અહીં રહે છે. એટલે કે ગાંધીનગર શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમે છે. એ વાત સો ટકા સાચી છે પણ આટલા ધમધમાટની વચ્ચે પાવન પ્રકાશ પાથરતા કોડીયા સમાન ચાલતી નાનકડી પણ પવિત્ર શૈક્ષણિક સેવાને પ્રણામ કરીએ.

શહેરમાં અનેક સેવાધારીઓ ગરીબ અને વંચિતોને ફીની મદદ કરે છે. ક્યારેક શૈક્ષણિક સહાય આપે છે તો ક્યારેક સાધન-સુવિધા ઉપલબ્ધ કરાવી પૂરક બને છે.

# ઉદ્યોગપતિઓની પણ દેશના નિર્માણમાં ભૂમિકા છે : મોદી

**ઉત્તરપ્રદેશમાં ૬૦,૦૦૦ કરોડના ૮૧ પ્રોજેક્ટ મોદી દ્વારા લોંચ : ઉત્તરપ્રદેશ ટૂંકમાં જ એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે : માર્ચ મહિના સુધી દરેક ઘરમાં વીજ પહોંચી જશે : નરેન્દ્ર મોદી**




લખનૌ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશ ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે. આના ભાગરૂપે મોદીએ ઉત્તરપ્રદેશ માટે એક પછી એક યોજનાઓની જાહેરાત કરવાનો સીલસીલો જારી રાખ્યો છે. મોદીએ આજે લખનૌમાં એક કાર્યક્રમમાં ૬૦,૦૦૦ કરોડથી વધુના ૮૧ મૂડીરોકાણના પ્રોજેક્ટો શરૂ કર્યા હતા. ૬૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચ સાથે શરૂ થનાર યોજનાઓના શિલાન્યાસ પ્રસંગે મોદીએ એમ પણ કહ્યું હતું કે ઉત્તારપ્રદેશની સમૃદ્ધિમાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. મોદીએ પ્રસંગે ઉત્તરપ્રદેશ સરકાર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભારે પ્રશંસા કરી હતી. કાર્યક્રમમાં મોદીની સાથે ઉત્તારપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ રામ નાઈક, નાયબ મુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્ય, દિનેશ શર્મા,

● અનુસંધાન પાન-૭ પર

# લોકપાલ મામલે અણ્ણા ઉપવાસ આંદોલન કરશે

**બીજી ઓક્ટોબરથી અનશન આરંભશે : કેન્દ્રમાં લોકપાલની વરણીમાં વિલંબ બદલ મોદી સરકાર સામે હડતાલ કરશે**



રાલેગણસિદ્ધિ, તા.૨૯

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે કહ્યું હતુ કે કેન્દ્રમાં લોકપાલની નિમણૂંકમાં વિલંબ બદલ કેન્દ્ર સરકારની સામે બીજી ઓકટોબરથી તેઓ ભુખ હડતાલ શરૂ કરશે. અણ્ણાએ ભ્રષ્ટાચાર મુક્ત દેશ માટે તેમની ઝુંબેશમાં તેમની સાથે જોડાવવા લોકોને અપીલ કરી હતી. મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લામાં પોતાના વતન રાલેગણસિદ્ધિ ગામમાં મહાત્મા ગાંધીની જન્મ જયંતિના દિવસથી ભૂખ હડતાલ કરવાની અણ્ણાએ આજે જાહેરાત કરી હતી. તેમણે એનડીએ સરકારની ટીકા કરતા કહ્યું હતુ કે આ સરકારે અગાઉ ખાતરી આપી હતી કે તે લોકપાલની નિમણૂંક કરશે અને સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા લોકપાલ બિલને અમલી બનાવશે.

● અનુસંધાન પાન-૭ પર

# પુતિને ટ્રમ્પને રશિયા આવવા આમંત્રણ આપ્યું

વૉશિંગ્ટન,તા.૨૯

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા આવવા આમંત્રણ આપ્યું છે. તેમણે તેની જાણકારી આપતાં જણાવ્યું હતું કે તેઓ અમેરિકા જવા માટે પણ તૈયાર છે. અમેરિકાએ ક્રેમલિન પ્રમુખની સાથે યોજાનારી નવી શિખર મંત્રણાને આવતા વર્ષ માટે ટાળી છે. એ બાદ પુતિને એ દેખાડવાનો પ્રયાસ કર્યો છે કે મંત્રણા ટાળી દેવાને મામલે તેઓ જરાય પ્રભાવિત થયા નથી, તેનાથી તેમને કોઈ અસર થઈ નથી. આ મહિને યોજાયેલી હેલસિંકી શિખર મંત્રણા બાદ ટ્રમ્પની સાથે યોજાયેલી પ્રેસકોન્ફરન્સમાં કહેવાયેલી વાતોએ અમેરિકામાં રાજકીય સંકટ પેદા કરી દીધું હતું. પુતિને કહ્યું કે બંને નેતાઓ આ વર્ષના અંતમાં આર્જેન્ટિનામાં યોજાનારી શિખર મંત્રણાથી અલગ અને સંભવતઃ અન્ય સ્થળે મુલાકાત કરશે.

# આજથી આરબીઆઈની પોલિસી બેઠક : વ્યાજદર વધવાના સંકેતો

**વ્યાજદર વધશે કે કેમ તે અંગે પહેલીએ ફેંસલો : બજાર સાથે જોડાયેલા તમામ કારોબારી, કોર્પોરેટ જગતની હિલચાલ ઉપર નજર : સામાન્ય લોકોને પણ સીધી અસર**

મુંબઈ, તા.૨૯

આરબીઆઈની નાણાંકીય નીતિ કમિટી (એમપીસી)ની બેઠક આવતીકાલથી શરૂ થઈ રહી છે જે પહેલી ઓગસ્ટ સુધી ચાલશે. ૨૦૧૮-૧૯ માટે ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ કમિટીની આ બેઠકમાં વ્યાજદર ઘટાડવામાં આવશે કે કેમ તેને લઈને તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. વ્યાજદરને લઈને જુદા જુદા પાસા પર વિચારણા કરવામાં આવશે. સામાન્ય લોકો માટે આ બેઠક મહત્વપૂર્ણ છે. લોન સસ્તી થશે કે કેમ તેને લઈને પણ ગણતરી કરવામાં આવી રહી છે. છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટીનું નેતૃત્વ આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ કરી રહ્યા છે. જૂનની બેઠકમાં તમામ લોકોને ચોંકાવી દેવામાં આવ્યા હતા. તે વખતે રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરી દેવામાં આવ્યો હતો. અટકળો એવી ચાલી રહી છે કે ફુગાવાના જોખમને ધ્યાનમાં લઈને બુધવારના દિવસે બીજી વખત વ્યાજદરમાં વધારો

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કેન્દ્રીય કર્મીઓ વિદેશ પ્રવાસે જઈ શકશે

કેન્દ્ર સરકારના કર્મચારીઓ ટૂંક સમયમાં જ એલટીસી પર વિદેશ યાત્રા કરી શકશે. સરકારના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું છે કે આ મામલે એક પ્રસ્તાવ તૈયાર કરી ગૃહ, પર્યટન અને નાગરિક ઉડ્ડયન વિભાગ સાથે ચર્ચા કરવામાં આવશે.

### મુશર્રફ વિરુધ્ધ ફરી દેશદ્રોહનો કેસ

પાકિસ્તાનની એક વિશેષ અદાલત પૂર્વ સૈન્ય શાસક પરવઝ મુશર્રફ વિરુધ્ધ ફરી દેશદ્રોહનો કેસ ચલાવશે. લાહોર ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ યાવર અલીની બેન્ચ આ મામલે સુનવણી કરશે.

### ઓરિસ્સામાં વિધાનસભા ચૂંટણી વહેલી યોજાશે

ઓરિસ્સા વિધાનસભા આયોગે ચૂંટણીઓની તૈયારીઓ આરંભી દીધી છે. અહીં ઉત્તરપ્રદેશથી એક લાખથી વધુ ઈવીએમ મશીન મંગાવવામાં આવ્યા છે. જેના કારણે ચર્ચાઓ થઈ રહી છે કે અહીં નિર્ધારિત સમય અગાઉ ચૂંટણીઓ યોજાઈ શકે છે.

### શ્રી ગંગાનગરમાં શેડ પડતા ૩૦૦ને ઈજા

રાજસ્થાનના શ્રી ગંગાનગરના પદ્મપુરમાં ટ્રેકટર પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન એક શેડ અચાનક જ ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં ૩૦૦ લોકોન ઈજાઓ થઈ છે.

### ચાર ડાકુઓને આજીવન કેદ

ઉત્તરપ્રદેશના હમીરપુર જિલ્લાની કોર્ટે ૧૯ વર્ષ પહેલા લૂંટનો વિરોધ કરી રહેલા મા અને દીકરાની હત્યાના મામલે ચાર ડાકુઓને આજીવન કેદની સજા અને ૩૫-૩૫ હજારનો દંડ ફટકાર્યો છે.

# દિલ્હીમાં યમુના ભયજનક સપાટી પર : તંત્ર સાબદુ

**દિલ્હીમાં સ્થિતિ વણસી : યમુના નદી કિનારે રહેતા લોકોને ઘર છોડી દેવાની ફરજ કેજરીવાલની ટોચના અધિકારીઓ સાથે તાકીદની મિટીંગ**

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીમાં યમુના નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ચુકી છે. જેના પરિણામ સ્વરૂપે સ્થિતિ ચિંતાજનક બની ગઈ છે. પુરનું સંકટ તોળાઈ રહ્યું છે. યમુના નદીમાં પાણીની સપાટી સતત વધતા દિલ્હી સરકાર પણ તૌયારીમાં વ્યસ્ત છે. હરિયાણાના હથીનીકુંડ બેરેજમાંથી છોડવામાં આવેલા પાણીના પરિણામ સ્વરૂપે આજે સવારે જુની દિલ્હી રેલવે બ્રિજ પર યમુનાની પાણીની સપાટી ૨૦૫.૫૦ સુધી પહોંચી ગઈ છે. આ પહેલા શનિવારે રાત્રે નવ વાગ્યા સુધી યમુનામાં પાણીની સપાટી ૨૦૫.૩ મીટર સુધી હતી. યમુનમાં પાણીની સપાટી હાલમાં ખતરાના નિશાનથી ૪૭ સેન્ટીમીટર ઉપર દેખાઈ રહી છે. બેરેજમાંથી શનિવારના દિવસે પાંચ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યા બાદ આ પાણીનો જથ્થો હવે પહોંચતા સ્થિતિ વિકટ બની ગઈ છે. યમુનાના કિનારે રહેનાર લોકોને આવાસો ખાલી કરવાની ફરજ પડી છે.



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તાકીદની બેઠક યોજી છે. કેજરીવાલે ટ્વીટ કરીને માહિતી આપી છે કે લોકોને સાવધાન રહેવાની જરૂર છે. અધિકારીઓસાથે પણ કેજરીવાલ સતત બેઠક યોજી રહ્યા છે.

# કોંગ્રેસ-બસપ નજીક આવતા ભાજપની ઉંઘ હરામ થઈ

**રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં કોંગ્રેસ-બસપ સાથે ચૂંટણી લડશે તો ભાજપની મત હિસ્સેદારી ઘટી શકે**

નવી દિલ્હી, તા.૨૯

ઉત્તારપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીની સાથે હાથ મિલાવ્યા બાદ ભાજપને પેટાચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટીના સંબંધો વધી રહ્યા છે ત્યારે ભાજપની ચિંતા ત્રણ રાજ્યોમાં યોજાનારી ચૂંટણીને લઈને વધી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર











